



ગાંધીનગર શહેરમાં અવાર-નવાર રખડતાં ઢોરની ફરિયાદો અને રજૂઆતો તંત્ર સમક્ષ કરવા છતાં, કયા અગમ્ય કારણોસર કોઈ પગલાં લેવાતા નથી, તે સમજાતુ નથી. જેને કારણે નગરજનોને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સેક્ટર-૪, ગ-૧ પાસે આવેલ એક રીહાઈશી વિસ્તારમાં ઢોરોને ખુલ્લા મુકી દેવામાં આવે છે. જેને કારણે તે જગ્યાએ ખૂબ જ ગંદકી અને દુર્ગંધ પ્રસરી ગઈ છે. તે વિસ્તારમાં રહેતા લોકો ગંદકીને કારણે ચાલી પણ શકતા નથી. તેના જ કારણે ખુલ્લી જગ્યામાં બાળકો રમી શકતા નથી. એટલા બધાં ઢોર ઢાંખર ત્યાં બેઠા હોય છે કે ત્યાંથી પસાર થતા ડર લાગે છે. અને જે આવવાનો રસ્તો પણ એક જ છે, જેથી કરીને હંમેશા અડચણો સાથે ત્યાંના લોકો પસાર થાય છે. ગંદકીને કારણે માથુ ફાટી જાય તેવી દુર્ગંધ દિવસ-રાત આવતી જ હોય છે. જેને કારણે રોગીષ્ટ વાતાવરણ સર્જાવાની દહેશત હંમેશા રહેતી હોય છે. અત્યારે ચોમાસાના કારણે આ વિસ્તાર નર્કાગાર જેવો લાગે છે. છતાં કોઈ જ પ્રકારની સફાઈ કે પ્રતિક્રિયા તંત્ર તરફથી મળી નથી. આ ઢોરોના માલિકને આ બાબતે જાણ કરતાં તેઓનો મિજાજ તો કંઈ ઓર જ હોય છે. 'થાય તે કરી લો' મારા ઢોર તો અહીં જ ચરશે. જેવી ધમકી ભર્યા સંબોધનો કરે છે. જેને કારણે સ્થાનિકો પણ આવા માથાભારે તત્વોને કારણે કંઈપણ રજૂઆત કરતા થોડો ડર અનુભવે છે. એક તરફ કોર્પોરેશન નગરને ચોખ્ખુ કરવાની વાત કરે છે ત્યારે આવા વિસ્તારમાં રહેતા લોકોની હાલાકી અને પરેશાનીને જાત તપાસ કરી તુરંત નીકાલ લાવવો જોઈએ તેવી માંગણી ઉઠવા પામી છે. આમેય તંત્રની ઢીલાશભરી કામગીરીને શંકાની નજરેથી જોવાઈ રહી છે. રહીશોની ફરિયાદ ધ્યાનમાં લેવાય છે તે બતાવવાનો દંભ કરતાં તંત્રના અધિકારી દ્વારા પકડવાની ગાડી મોકલવામાં તો આવે છે, પણ ઢોરના માલિકોની મીલીભગત અને સાંઠગાંઠને કારણે દેખાડો કરવા 'સ્ટંટ' કરવામાં આવે છે. કોર્પોરેશન યા તો આવા તત્વોથી ડરે છે અથવા ઢોરના માલિકો સાથે હાથ મીલાવી રહી છે તેવુ સાબિત થાય છે. તેવા સંજોગોમાં નગરજનોને 'વાડ જ ચીભડા ગળે તેવી સ્થિતિ છે. ન તો કહી શકે ન તો રહી શકે. કોઈ સાંભળનાર નથી... (તસવીર : કશ્યપ નિમાવત)

# મહિલા સુરક્ષા સમિતિ તથા પોલીસ પરિવાર માટે નાટકનું આયોજન

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ટાઉનહોલમાં શનિવારે 'જોવા જેવી થાશે' નાટક ભજવાશે

ગાંધીનગર, તા. ૫

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સશક્તિકરણ અન્વયે તા. ૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ કલાકે 'જોવા જેવી થાશે' નાટકનું આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લાના તમામ મહિલા સુરક્ષા સમિતિના સભ્યો તથા પોલીસ પરિવાર માટે આ નાટકનું આયોજન કરાયું છે.

જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટને ખાસ ધ્યાને લઈ મહિલા સશક્તિકરણ અન્વયે આ નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ તેમના કુટુંબીજનો માટે નાટકના આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશાલી પટેલ દિગ્દર્શીત આ નાટકમાં જાણીતા ટીવી કલાકાર જૈમીના ત્રિવેદીએ મુખ્ય ભુમિકામાં રોલ અદા કર્યો છે. નાટક પુર્ણ થયા બાદ જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલ દ્વારા ખાસ ઉદ્‌બોધન પણ કરવામાં આવશે. જ્યારે સી.આઈ.એસ.એફ.ના અધિકારી દ્વારા મેટલ ડીટેક્ટરથી ચકાસણી તેમજ અરજદારો સાથેના વ્યવહાર અંગેની માહિતી પણ આ તબક્કે યોજવામાં આવશે.

# ગણેશ મહોત્સવના સાતમાં દિવસે શ્રીજીનું વિધિવત વિસર્જન



ગાંધીનગર, તા. ૫

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા નગરમાં ૪૫ માં ગણેશોત્સવની ઉમંગ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહેલ છે. મહોત્સવના સાતમાં અને અંતિમ દિવસ શ્રી ગણેશ ભગવાનની વિધિવત પૂજા-આરતી કરી ગાંધીનગર પાસે કોટેશ્વર મહાદેવ પાસેના સાબરમતી નદીના પટમાં વિધિવત રીતે વિસર્જન કરી મહોત્સવની પુર્ણાહુતિ થયેલ છે.

આજ રોજ ૪૫માં ગણેશોત્સવના અંતિમ દિને બપોરે ૩.૦૦ કલાકે સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ દ્વારા શ્રી ગણેશ ભગવાનની પૂજા આરતી કર્યા બાદ સમિતિના સર્વ કાર્યકર્તા અને નગરજનોની ઉપસ્થિતિ વચ્ચે વિસર્જન યાત્રા સેક્ટર-૨૨ રંગમંચથી નીકળી હતી. જે પંચદેવ મંદિર થઈ, સેક્ટર-૧૭-૨૨ થઈ, ચ-૫ ફુવારા થઈને કોટેશ્વર મહાદેવ પાસે સાબરમતી નદીના પટમાં સાંજે પહોંચી હતી અને નદીના પટમાં ફરીથી શ્રી ગણેશ ભગવાનની વિધિવત પૂજા-આરતી કરી શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નગરજનોએ ઉપસ્થિત રહેવા બદલ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# એસ. જી. પ્રાયમરી સ્કૂલના ૭૯ ખેલાડીઓની રાજ્યની વિવિધ સ્પર્ધાઓમાં પસંદગી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં જિલ્લાકક્ષાની ખોખો, કબડ્ડી, સોફ્ટબોલ, બેઈઝબોલ, વોલિબોલ, ગોળાફેંક, ચક્રફેંક, ચેસ, ટેકવેન્ડો, લોનટેનિસ સ્પર્ધામાં વિજેતા ક્રમ હાંસલ કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી પ્રાપ્ત કરી છે.

શાળાના વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૭૯ વિદ્યાર્થી ખેલાડીઓ રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધામાં આગામી દિવસોમાં રમવા જશે. ખોખોના ૬ ખેલાડીઓ, કબડ્ડીના ૭ ખેલાડીઓ, સોફ્ટબોલ અને બેઈઝ બોલના જુદા જુદા એઈજ ગૃપના ૪૮ ખેલાડી ભાઈ-બહેનો, વોલીબોલમાં ૭ ખેલાડીઓ, ફૂટબોલમાં ૩ ખેલાડીઓ, ગોળાફેંકમાં ૧ ખેલાડી, ચક્રફેંકમાં ૧ ખેલાડી, ચેસમાં ૨ ખેલાડીઓ જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયા છે. જેઓની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ છે.

શાળાના આચાર્યાએ રાજ્યકક્ષાએ પસંદગી પામેલ ૭૯ વિદ્યાર્થી ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે અને આગામી દિવસોમાં રમાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા ક્રમ હાંસલ કરવા શુભેચ્છા પાઠવી છે.

# વ્યસનના રાક્ષસને નાથવા ચિલોડામાં બાળકોની રેલી



ચિલોડા, તા.૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળામાં તા ૧લી થી ૫મી સપ્ટેમ્બર સુધી જ્ઞાન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમિયાન શાળામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે આ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વ્યસન મુકિત અંગે જાગૃતિ ફેલાવવા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળામાં જ્ઞાનસપ્તાહ અંતર્ગત વ્યસન મુકિત અભિયાન હાથ ધરાયું છે. જેમાં આજે યોજાયેલી વિશિષ્ટ રેલીમાં શિક્ષકોની રાહબરી હેઠળ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રેલી કાઢી હતી. આ રેલીમાં વિદ્યાર્થીએ વ્યસનથી થતા નુકસાન અને વ્યસનમુકિત અંગે જાગૃતિના સંદેશા સાથેના પ્લેબોર્ડ દર્શાવ્યા હતા. આ રેલી સૂત્રોચ્ચાર સાથે ચિલોડાના મુખ્ય માર્ગો પર ફરી હતી અને લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી.



## અડાલજની સ્વીટકેર પ્રાથમિક શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે આવેલ સ્વીટકેર પ્રાથમિક શાળામાં શિક્ષક દિન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા મહિલા શિક્ષિકા ઈન્દુમતિબેન નિમાવતનું શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ સ્પર્ધાઓમાં સુલેખન સ્પર્ધા, દાખલા ગણન સ્પર્ધા, આદર્શ વાંચન સ્પર્ધા અને ઘડિયા ગાન સ્પર્ધા યોજવામાં આવી હતી. છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી આ સ્પર્ધાઓના વિજેતા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય મયુર પુરાણીએ બાળકોને અભ્યાસમાં રૂચિ કેળવવા માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

## સુરેન્દ્રનગર વણકર સમાજની બેઠક

સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ ગાંધીનગરના ગાંધીનગર, વાવોલ અને પેથાપુર ખાતે વસતા સભ્યોની સામાન્ય સભા, હીરાભાઈ ટી. ચૌહાણ, કાર્યકારી અધ્યક્ષના અધ્યક્ષ સ્થાને તા. ૭-૯-૧૪ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, લોન સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે મળનાર છે.

## જલારામ સેવા સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૫

જલારામ સેવા સમાજ ગાંધીનગરના વર્ષ ૨૦૧૪-૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે જીતેન્દ્રકુમાર સોજાણી, ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ ઠકકર, મંત્રી તરીકે સેવંતીલાલ ઠકકર, સહમંત્રી તરીકે શૈલેષ મજેઠિયા, કોષાધ્યક્ષ તરીકે રમેશભાઈ પૂજારા, સહ કોષાધ્યક્ષ તરીકે ભકિતકાંત કારીયા સહિત કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.

## દીપ ત્રિવેદી લિખિત 'હું મન છું' પુસ્તકનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૫

જાણીતા સાયકોએનાલિસ્ટ, વિચાર વક્તા અને માનવ મનોવિજ્ઞાન વિષયમાં અનેક પુસ્તકો લખનાર દીપ ત્રિવેદી લિખિત 'હું મન છું' પુસ્તકનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આવેલ પ્રકાશ હાઈસ્કૂલના ઓડીટોરિયમમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે અમદાવાદના મેયર મીનાક્ષીબેન પટેલ, રમણિકલાલ અંબાણી, હાસ્ય સમ્રાટ શાહબુદ્દીન રાઠોડ, નગીનભાઈ પટેલ તેમજ નરસિંહભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તક દીપ ત્રિવેદી દ્વારા તેમના માતા-પિતા ભાનુભાઈ ત્રિવેદી અને બાળાબેન ત્રિવેદીને અર્પણ કરાયું હતું. આ પુસ્તકમાં દીપ ત્રિવેદીએ માનવી પોતાની આંતરિક શક્તિઓથી અજાણ હોવાથી અસફળતા મેળવે છે, આ શક્તિઓ ઉપર નિયંત્રણ મેળવી જીવનમાં સફળતા કેમ હાંસલ કરવી તેની વિસ્તૃત છણાવટ કરી છે.

## 'રસોડું એ જ ઔષધ' પર સેમિનાર

ગાંધીનગર, તા.૫

ભારત વિકાસ પરિષદ દ્વારા 'રસોડું એ જ ઔષધ' અને 'સુટેવોથી નિરોગી શરીર' પર સેમિનાર યોજવામાં આવશે. તા. ૭ સપ્ટેમ્બર, રવિવાર સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે સેમિનાર યોજાશે. જેમાં સૌ નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સેમિનારમાં ડૉ. નિવૃત્તિ પંડયા મેગ્નેટીક થેરાપી વિશે સમજ આપશે.

# ગ્રામ વિદ્યાપીઠ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સક્રીય પ્રયત્નો કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૧૨માં આવેલ બલરામ ભવન ખાતે ૧૪ ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓનું એક સંમેલન તાજેતરમાં યોજાયું હતું. આ સંમેલનમાં ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકાર સમક્ષ ફરીથી સક્રીય રજૂઆત કરવાનો નિર્ધાર કરાયો હતો.

સમગ્ર દેશમાં ગાંધી વિચાર અનુસાર ઉદ્યોગને પ્રાધાન્ય આપતી નઈ તાલીમ મુજબ શિક્ષણ આપતુ એક માત્ર રાજ્ય ગુજરાત છે. આ નઈ તાલીમ મુજબ ઉચ્ચ શિક્ષણ ગુજરાત ગ્રામ વિદ્યાપીઠ દ્વારા અપાય છે. રાજ્યમાં ૧૪ ગ્રામ વિદ્યાપીઠો દ્વારા ગ્રામ વિકાસ, કૃષિ, પશુપાલન અને સ્વાશ્રયી જૂથો માટેના અનેક વિધ કાર્યક્રમો અમલીકરણ માટેના કુશળ સ્નાતકો તૈયાર કરાય છે. ગુજરાતના છેવાડાના ગામો સુધી કાર્યરત ગ્રામ વિદ્યાપીઠ દ્વારા તૈયાર કરાયેલા હજારો સ્નાતકો યુવા કેળવણી અને ઘડતર તથા વૈજ્ઞાનિક ખેતી તેમજ પશુપાલનનું કામ કરે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૫૩

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૭૫ ટકા
વરસાદ : ૪. મી.મી

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

મેરી કોમ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

મેરી કોમ : ૧૨.૩૦

: સ્કીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૩.૪૫

ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૬.૦૦

સ્કીન-૪ :

મેરી કોમ : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૯.૪૫

: સ્કીન-૫ :

મેરી કોમ : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

મેરી કોમ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

એરોપ્લેન વર્સીસ વોલ્કેનો : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫ ૪.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

મેરી કોમ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

રાજા નટવરલાલ : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. પંડ્યા સુરેન્દ્રકુમાર અમૃતલાલ (ઉ.વ.૫૬) સેક્ટર-૨૪, હરસિદ્ધનગર, બ્લોક નં. ૨૫૨, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મણભાઈ કાળીદાસ ગોલગોતર (ઉ.વ.૬૭) પ્લોટ નં. ૫૦૦/૨, સેક્ટર-૨૨, ગાંધીનગર